જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૨/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૮૫/૧૫</u>

<u>મારામારીના ગુનામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ</u>

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એ.એસ.આઇ. જે.પી.પરમાર નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ઇસનપુર ચાર રસ્તા બ્રીજ પાસે આવતા સાથેના પો.કો. જીતેન્દ્રકુમાર ત્રિકમલાલ તથા પો.કો. મહેન્દ્રસિંહ હઠીસિંહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે હાર્દિક ઉર્ફે હ્રદય ઉર્ફે બોબડો s/o રાજકપુરભાઇ પાસવાન ઉવ.૨૧ ધંધોઃ દરજીકામ રહે, ૨૨/૩૪૩, સાંઇબાબા એપાર્ટમેન્ટ, વટવા ક્રોસીંગ રોડ, એસ.એલ.એમ. સામે, વટવા, અમદાવાદ નાનો મળી આવેલ. જેને વટવા પો.સ્ટે. ના મારામારીના ગુના બાબતે પુછપરછ કરતાં આજથી સાતેક મહીના અગાઉ સવીતાનગરમાં મારામારી તેણે તથા તેના મિત્રોએ કરેલાનું જણાવેલ. જેથી સદરી બાબતે વટવા પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરતાં વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૮૮/૧૪ ધી ઇપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૧૨૦ બી મુજબનો ગુનો નોંધાયેલ હોવાનું જણાતા સદરહું ઇસમને આજરોજ તા.૧૦/૦૨/૨૦૧૫ ના કલાક ૧૧/૪૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે. વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો વટવા પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.